દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૬ જૂન, ૨૦૨૬

# રોકડની અછત દેશની બેંકિંગ સિસ્ટમ પર સવાલો ઉભા કરે તે પહેલા સરકાર જાગે તે જરૂરી!

દેશમાં હાલમાં રોકડની ભારે અછત સર્જાવા પામી છે. સામાન્ય રીતે દેશમાં યુપીઆઈથી પેમેન્ટનું ચલણ વધ્યું હોય, ક્રેડિટ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ થતો હોય ત્યારે જો રોકડની અછત સર્જાય તો તે ખૂબ જ ગંભીર બાબત છે. રિઝર્વ બેંકના આંકડાઓ પ્રમાણે, દેશમાં હાલમાં રોકડનું ચલણ 42.54 લાખ કરોડના ઐતિહાસિક સ્તર પર છે. આમ છતાં પણ લોકો પાસે રોકડ પહોંચતી નથી. તાજેતરમાં કોન્ફેડરેશન ઓફ એટીએમ ઇન્ડસ્ટ્રીના અહેવાલ મુજબ, માર્ચ અને એપ્રિલ મહિનામાં એટીએમ ઓપરેટર્સને તેમની કુલ જરૂરિયાતના માત્ર ૫૦% થી ૬૭% જેટલી જ રોકડ મળી શકી છે. આ ઓછી રોકડ મળવા પાછળ એટીએમમાં કેશ લોડિંગ, સિક્યોરિટી, ઇંધણ અને કર્મચારીઓના વેતનના ખર્ચમાં મોટો વધારો થયો છે. તેની સામે બેંકો તરફથી મળતું કમિશન પૂરતું ન હોવાથી એટીએમ ઓપરેટર્સ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે તેવું બતાવવામાં આવી રહ્યું છે. પરંતુ આની આડઅસર એ થઈ છે કે દેશમાં અનેક એટીએમ હાલમાં બંધ થઈ ગયા છે. આ ઉપરાંત એક એવું પણ કારણ બતાવવામાં આવી રહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા તણાવ અને આર્થિક અનિશ્ચિતતાના કારણે લોકો મુશ્કેલ સમય માટે બેંકોમાંથી મોટા પાયે રોકડ ઉપાડીને પોતાના પાસે રાખી રહ્યા છે. પ્રોપર્ટી, સોનું કે મોટા વ્યવહારો માટે લોકો હજુ પણ ફિઝિકલ કેશ (રોકડ) પર જ વધુ ભરોસો રાખી રહ્યા છે. તાજેતરમાં થયેલી વિવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ દરમિયાન પણ રાજકીય પ્રચાર, ટ્રાન્સપોર્ટ અને અન્ય ખર્ચાઓ માટે બજારમાં અચાનક રોકડની માંગ ખૂબ વધી ગઈ હતી. આ પ્રવૃત્તિઓમાં ડિજિટલ ટ્રેક ટાળવા માટે મોટાભાગે રોકડનો ઉપયોગ થાય છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજાર અને યુદ્ધના તણાવ વચ્ચે ભારતીય રૂપિયાને ઘસાતો અટકાવવા માટે રિઝર્વ બેંકે મોટા પાયે ડોલરનું વેચાણ કર્યું છે. જ્યારે RBI બજારમાં ડોલર વેચે છે, ત્યારે તે બદલામાં બજારમાંથી રૂપિયા પાછા ખેંચી લે છે, જેના લીધે બેંકિંગ સિસ્ટમમાં ભારતીય ચલણની અછત સર્જાય છે. નાણાકીય વર્ષના અંત ભાગમાં અને ત્રિમાસિક ગાળામાં કંપનીઓ અને વ્યક્તિઓ દ્વારા મોટા પ્રમાણમાં એડવાન્સ ટેક્સ અને GST ની ચૂકવણી કરવામાં આવે છે. આ નાણાં બેંકોમાંથી સીધા સરકારી ખાતામાં જતા રહેતા હોવાથી બેંકો પાસે કામચલાઉ ધોરણે કેશ લિક્વિડિટી ઘટી જાય છે. બેંકોમાં કેશ લિક્વિડિટી ઘટી જવા પાછળ કારણ ગમે તે હોય પરંતુ રોકડની અછતને કારણે નાના અને મધ્યમ ઉદ્યોગોની હાલત ખરાબ થઈ રહી છે. દેશમાં શાકભાજી વિક્રેતાઓ, કરિયાણાના નાના વેપારીઓ, બાંધકામ ક્ષેત્રના મજૂરો અને કુટીર ઉદ્યોગો આજે પણ સંપૂર્ણપણે રોકડ પર નિર્ભર છે. કાચો માલ ખરીદવા કે દૈનિક વેતન ચૂકવવા માટે જ્યારે બેંકો પૂરતી રોકડ નથી આપી શકતી, ત્યારે આ નાના એકમોનું ઉત્પાદન ચક્ર ખોરવાઈ જાય છે. રોકડની અછતને કારણે બેન્કિંગ સિસ્ટમ પરથી લોકોનો ભરોસો ઉઠી રહ્યો છે. કોઈપણ નાણાકીય વ્યવસ્થાની પાયાની શરત 'વિશ્વાસ' છે. જ્યારે એક મધ્યમવર્ગીય ખાતાધારક પોતાની કટોકટી કે મેડિકલ ઇમરજન્સીના સમયે બેંકના કાઉન્ટર પર જાય અને તેને 'આજે કેશ નથી, કાલે આવજો' તેવો જવાબ મળે, ત્યારે બેન્કિંગ ક્ષેત્રની વિશ્વસનીયતા પર મોટો આઘાત લાગે છે. લોકો પોતાની બચત બેંકોમાં મુકતા અચકાવા લાગે છે. બીજી સમસ્યા એ છે કે સરકાર અને નીતિ નિર્ધારકો ઘણીવાર ડિજિટલ ટ્રાન્ઝેક્શનના અબજોના આંકડા રજૂ કરીને પીઠ થાબડે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે 'ડિજિટલ પેમેન્ટ' એ રોકડનો પૂરક હોઈ શકે, તેનો સંપૂર્ણ વિકલ્પ નહીં. દેશમાં સર્જાયેલી રોકડની અછત મુદ્દે સરકારે તાકીદે પગલા લેવા જોઈએ. દેશમાં 42.54 લાખ કરોડનું ચલણ બજારમાં હોવા છતાં પણ જો રોકડની અછત ઊભી થાય તો સરકારે તાકીદે દરમિયાનગીરી કરવાની જરૂરિયાત છે. રોકડની અછત એ અર્થવ્યવસ્થાની નબળાઈ છે. થોડા સમય પહેલા સુરતની બેંકે એ પણ ગ્રુપીથી રોકડ મંગાવવી પડી હતી. લોકોનો રોકડના મામલે બેંકો પરથી વિશ્વાસ ઉઠી જાય તે પહેલા સરકાર જાગશે તો જ તેનો અર્થ સરશે. અન્યથા રોકડની અછત દેશની બેંકિંગ સિસ્ટમને નબળી પાડી દેશે તે નક્કી છે.

# ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી- કોંગ્રેસના ખરડાયેલા ઈતિહાસની ગાથા

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

### રાહુલ ગાંધી માટે નિર્ણાયક ઘડી: કાશ્મીરમાં કોંગ્રેસના અસ્તિત્વને બચાવવાનો પડકાર

જમ્મુ અને કાશ્મીરના વિભાજિત અને દરજ્જો ગુમાવી ચૂકેલા ભૂતપૂર્વ રાજ્યમાં બહુત્વવાદ, ધર્મનિરપેક્ષતા અને બહુસાંસ્કૃતિકતા પર આધારિત, જોખમમાં મુકાયેલા પરંતુ સાચા અર્થમાં ચિત્રિત 'નેહરુવાદી મોડેલ'વિશે મહિનાઓ પહેલાં આ કોલમમાં જે લખવામાં આવ્યું હતું, તેને આગળ વધારતા વર્તમાન સંજોગો આ બાબતમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરે છે. અહીં એક પરિસ્થિતિજન્ય પરિવર્તન આવ્યું છે, જેમાં ભૂતકાળથી લઈને અત્યાર સુધીની ભૂમિકાઓ બદલાઈ ગઈ છે; પોતાના રાજકીય અને વૈચારિક એજન્ડાને પૂર્ણ કરવા માટે બંધારણીય માળખામાં ફેરબદલ કરનાર નરેન્દ્ર મોદી સરકાર પરથી ધ્યાન હટીને હવે કોંગ્રેસની 'ભૂલો'પર કેન્દ્રિત થયું છે.

ગ્રાન્ડ-ઓલ્ડ-પાર્ટી (જીઓપી)- એટલે કે કોંગ્રેસ-ને જમ્મુ અને કાશ્મીર જેવા સંવેદનશીલ અને વ્યૂહાત્મક રૂપે મહત્ત્વપૂર્ણ કેન્દ્રશાસિત પ્રદેશમાં નેહરુવાદી મોડેલની રક્ષા માટે મક્કમતાથી ઊભા રહેવું જોઈતું હતું, પરંતુ તે માત્ર ડગમગી જ નહીં, થાપ ખાઈને જમીનદોસ્ત થઈ અને નિષ્ફળ રહી. પરંતુ તેના માટે સમયાંતરે પીસીસી (પ્રદેશ કોંગ્રેસ સમિતિ)ના નેતૃત્વની સાથે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી) અને તેના પ્રમુખો પણ એટલા જ જવાબદાર છે. નેહરુવાદી યોજનામાં જેએન્ડકે (એટલે કે કાશ્મીર)નું મહત્ત્વ ખૂબ વધારે હતું. જો કે તેમાં કેટલીક ખામીઓ અને વિવાદાસ્પદ પાસાંઓ હોવા છતાં આ અતિ-વિવિધતાસભર રાજ્યમાં- જેના ત્રણ અલગ-અલગ પ્રદેશો- જમ્મુ, કાશ્મીર અને લદ્દાખ- માં લોકશાહી મજબૂત થતી જોવા મળી હતી.

જેવી રીતે જીઓપી અને તેના હાઈકમાન્ડે કોંગ્રેસનાં હિતો સાથે રમત રમી છે, તે કદાચ પોતાનામાં એક અનોખું ઉદાહરણ છે. ૧૯૭૫ના ઈન્દિરા ગાંધી-શેખ અબ્દુલ્લા કરારથી શરૂ કરીને, જેના કારણે કોંગ્રેસે પોતાની સરકાર પાછી ખેંચીને 'શેર-એ-કાશ્મીર' (જેમ કે શેખ કાશ્મીરમાં લોકપ્રિય છે)નું રાજકીય પુનર્વસન કર્યું હતું, જેના માટે કોંગ્રેસે ખુદની જ સરકાર તોડી પાડી હતી અને તત્કાલીન મુખ્યમંત્રી સૈયદ મીર કાસિમે રાજીનામું આપી દીધું હતું, જેથી શેખના નેતૃત્વવાળી નેશનલ કોન્ફરન્સ સરકાર માટે રસ્તો બને. તે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં અજોડ છે.

એમાં કોઈ શંકા નથી કે નેહરુવાદી મોડેલ હેઠળ રાષ્ટ્રીય હિત જ જમ્મુ અને કાશ્મીરના નિઃશંકપણે સૌથી કદાવર નેતા એવા શેખના પુનર્વસન પાછળનું પ્રેરક બળ રહ્યું હશે, પરંતુ આ નિર્ણય કોંગ્રેસ માટે આપત્તિજનક સાબિત થયો. જેને પક્ષના વ્યૂહરચનાકારો રોકવામાં નિષ્ફળ રહ્યા એટલું જ નહીં, પરંતુ નવી દિલ્હીના ઈશારે જૂથબંધી અને વિનાશક અભિગમ સાથે તેને આગળ વધાર્યો.

મુફ્તી મોહમ્મદ સઈદ, જેઓ પાછળથી જૂથબંધીના કારણે પક્ષથી અલગ થઈ ગયા અને ગુલામ નબી આઝાદ જેવા સૌથી કદાવર નેતાઓએ પણ તેમના ઊંચા કદ હોવા છતાં, નેહરુવાદી મોડેલની રક્ષા કરવા અથવા જૂથબંધીને રોકવા તરફ આંખ આડા કાન કર્યા. તેના બદલે, આ નેતાઓ વ્યક્તિગત સિદ્ધિઓ મેળવવા માટે પોતાની રમતો રમતા રહ્યા. આ સમગ્ર સમય દરમિયાન કોંગ્રેસે ખૂબ નુકસાન સહન કરવું પડ્યું અને હજી પણ સહન કરી રહી છે.

૧૯૭૫ના મોડેલ પછી, ત્રણ દાયકા બાદ બનેલી બે ઘટનાઓ કોંગ્રેસના ઉચ્ચ સ્તરે નિર્ણય લેનારાઓની માનસિકતાનું સીધું પ્રતિબિંબ હતી અને તેણે નેતૃત્વના મામલે પક્ષની આંતરિક નબળાઈઓને ખુલ્લી પાડી દીધી હતી. પ્રથમ ઘટના- નેશનલ કોન્ફરન્સમાં પોતાના રાજકીય મૂળ ધરાવતા પ્રો. સૈફ-ઉદ્દીન સોઝની પીસીસી ચીફ તરીકે નિમણૂક અને તાજેતરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)માંથી આવેલા તારિક હામિદ કર્રાની નિમણૂક. આ પક્ષના સ્થાનિક નેતૃત્વના ભોગે કરવામાં આવ્યું હતું.

પરિણામો સૌની સામે છે, કોંગ્રેસે જમ્મુમાં ભાજપ સામે અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને પીડીપી સામે પોતાનો પાયાનો જનાધાર ગુમાવી દીધો છે. વિશ્વસનીય નેતૃત્વનો અભાવ, કાં તો ભૂતકાળના અનુભવી નેતાઓના અતિશય પ્રભાવને કારણે જેમણે નવા નેતૃત્વના વિકાસને રોક્યો અથવા તો એક ખાસ ટોળકી દ્વારા વર્ચસ્વ જમાવવાના અને નવા નેતૃત્વને જગ્યા ન આપવાના પ્રયાસો કોંગ્રેસ માટે અભિશાપ બની ગયા છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' (લખનપુર-પંજાબ સરહદથી કાશ્મીરની ઠંડી આબોહવા સુધી)ને પ્રદેશોની સીમાઓ વટાવીને લોકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. તેણે જમ્મુ, જ્યાં હજી પણ કોંગ્રેસનો પ્રભાવ અને જનાધાર છે, તેમ જ કાશ્મીરમાં પણ કોંગ્રેસના પુનરુત્થાનની આશા જગાડી હતી.

ત્યાર બાદ પક્ષની બાબતોનું ખોટું સંચાલન (પીસીસી પ્રમુખોની પસંદગીનો સમય અને નિર્ણય) અને જૂથબંધીને રોકવામાં એઆઈસીસીની સંપૂર્ણ અરુચિએ જેએન્ડકે માં કોંગ્રેસને ચાર રસ્તા પર લાવીને ઊભી કરી દીધી છે.

સોઝ અને કર્રા -બંને અલગ-અલગ રાજકીય પૃષ્ઠભૂમિમાંથી આવ્યા હોવાને કારણે અને તેમનો પોતાનો કોઈ જનઆધાર ન હોવા છતાં ગાંધી પરિવારના સમર્થન પર આગળ વધ્યા. જો કે, બંને વિવિધ કારણોસર સંગઠન પર પકડ જમાવવામાં અને જૂથબંધીને નાથવામાં નિષ્ફળ રહ્યા. આના પરિણામે, વર્તમાન પીસીસી વડા કર્રા હેઠળ ટોચના નેતૃત્વનું સંપૂર્ણ સમર્થન હોવા છતાં, સંગઠનમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે.

આ બાબતને જેણે વધુ ખરાબ બનાવી છે તે છે કેન્દ્રીય નેતૃત્વનો અભિગમ, જેમાં સમયાંતરે નિયુક્ત કરવામાં આવેલા એઆઈસીસી પ્રભારીઓનો સમાવેશ થાય છે, જેમણે આ બિનઅસરકારક વ્યવસ્થાને ચાલુ રાખી અને વર્તમાન યુટી પીસીસી વડાને ખલેલ ન પહોંચાડી, જેથી દિલ્હીમાં તેમના સત્તાના સ્રોત નારાજ ન થાય. વર્તમાન એઆઈસીસી પ્રભારી સૈયદ નસીર હુસૈન ઓછામાં ઓછું એટલું તો કરી જ શક્યા હોત કે તેઓ પીસીસી વડાને સૌને સાથે લઈને ચાલવા માટે રાજી કરે. જમ્મુ-કાશ્મીર કોંગ્રેસમાં સ્થાપિત હિતો, જેને આ દિવસોમાં ઘણાં લોકો ભાજપ અને પીડીપીના 'સ્લીપર સેલ' કહી રહ્યા છે, તેઓ ફાલી-ફૂલી રહ્યા છે જ્યારે કોંગ્રેસ અંદરથી તૂટી રહી છે.

હવે એવાં જૂથો વચ્ચે નવેસરથી 'ખુલ્લું યુદ્ધ'શરૂ થયું છે જેઓ નેહરુવાદી ભાવના પર આધારિત કોંગ્રેસની વિચારધારાને બચાવવામાં મોખરે હોવાનો દાવો કરે છે અને જેઓ તેનાથી ઘણા દૂર છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પૂર્વે વકાર રસૂલ વાણીના સ્થાને કર્રાની અચાનક નિમણૂક (જેમણે કેન્દ્રીય હસ્તક્ષેપની માંગ સાથે તાજેતરનો મોરચો ખોલ્યો છે), ઉમેદવારોની ખોટી પસંદગી (કથિત રીતે તત્કાલીન એઆઈસીસી પ્રભારી ભરતસિંહ સોલંકીના સંરક્ષણ હેઠળ કેટલાક પ્રભાવશાળી સ્થાનિક કોંગ્રેસ નેતાઓના ઈશારે) અને ગેરવ્યવસ્થા (આ કોના દ્વારા કરવામાં આવ્યું તે હજી નક્કી કરવાનું બાકી છે. કારણ કે, આરોપો એકબીજા પર લાગી રહ્યા છે અને એઆઈસીસી સંપૂર્ણપણે ઉદાસીન છે), આ બધી બાબતોએ કેન્દ્રશાસિત પ્રદેશની કોંગ્રેસને ગંભીર કટોકટીના આરે ધકેલી દીધી છે.

આની એક મોટી આડઅસર એ થઈ છે કે નેશનલ કોન્ફરન્સ સાથે શાસક ગઠબંધનમાં ભાગીદાર હોવા છતાં (જો કે, બહારથી ટેકો આપી રહી છે), કોંગ્રેસ ઓમર અબ્દુલ્લા સરકારની ગણતરીમાં ક્યાંય નથી. આનું તાજેતરનું ઉદાહરણ ત્યારે જોવા મળ્યું જ્યારે શાસક ગઠબંધનના ધારાસભ્યોની બેઠક બોલાવવાની હતી, જેમાં કોંગ્રેસના ધારાસભ્યોને આમંત્રિત જ કરવામાં આવ્યા ન હતા.

જમ્મુ-કાશ્મીરમાં નેહરુવાદી વિચારધારા અને મોડેલનું અસ્તિત્વ દાવ પર છે અને કોંગ્રેસ તેની સંગઠનાત્મક બાબતોને ગંભીરતાથી લઈને જે કંઈ પણ બચ્યું છે તેને બચાવવા માટે નૈતિક રીતે બંધાયેલી છે. હવે વધુ પ્રયોગો માટે કોઈ અવકાશ નથી. કારણ કે, નેતાઓની અંગત ધૂન અને ઈચ્છાઓએ પક્ષને પહેલેથી જ ઘણું નુકસાન પહોંચાડ્યું છે, જેણે માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. કારણ કે, કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી છે જેનો સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં વ્યાપક જનાધાર છે.

ભાજપના સાંપ્રદાયિક રીતે વિભાજનકારી માળખા (જેનો વ્યાપ સતત વધી રહ્યો છે પરંતુ હવે તે નિરાશાજનક હદે સંતૃપ્ત થઈ ગયો છે) અને નેશનલ કોન્ફરન્સ તથા પીડીપી જેવા પ્રાદેશિક પક્ષોના બેફામ કટ્ટર પ્રાદેશિકવાદ પર આધારિત વર્તમાન રાજકારણને સંતુલિત કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસે મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આમાં વિલંબ માટે કોઈ અવકાશ નથી, નહીં તો નવા અને વધુ વિભાજનકારી તેમ જ પ્રાદેશિક બળો તેમનું વરવું માથું ઊંચકવાની ધમકી આપી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જીવનમાં ખરું નુકસાન

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સ્ટાર્ટ અપ સફળતાની દિશામાં આગળ વધી રહ્યું હતું શરુ કરનાર બે મિત્રો નિમિશ અને નિતેશ અને સાથે કામકરનારા પણ કોલેજના મિત્રો જ ...બે વર્ષ ધીમે ધીમે સફળતાની દિશામાં આગળ વધ્યા અને પછી ઉંચી છલાંગ મારવા માટે એક મોટી ડીલ કરી તેમાં મોટું નુકસાન ગયું બે વર્ષમાં કમાયેલું બધું જ ધોવાય ગયું. નિમેશ અને નીતેશ વચ્ચે કોની ભૂલ હતી તેનો મોટો ઝઘડો થયો, સાથે કામ કરનારા મિત્રો વચ્ચે પડ્યા, તેમની દોસ્તી અને સબંધોની વાત કરી સમજાવવાની કોશિશ કરી પણ બંને એટલા ગુસ્સામાં હતા કે મિત્રોને પણ ધુત્કારી કાઢ્યા અને કહ્યું, 'અમને ન સમજાવો પોતાની ચિંતા થતી હોય તો બીજે કામ શોધી લો.' નિમેશ અને નીતેશ વચ્ચે રોજ ઓફિસમાં ઝઘડો થતો,આગળ કોઇ કામ પર ધ્યાન આપતા ન હતા, હવે આ થયેલા નુકસાનમાંથી બહાર કેમ આવવું તે તો તેઓ વિચારતા જ ન હતા.બેંક અને ક્રેડીટર્સ સાથેની મીટીંગમાં પણ તેમના ઝઘડા થતાં હતા.બધા સમજી ગયા કે હવે આ કંપની બંધ જ થશે. નીમેશના પપ્પા બેંકમાં મેનેજર હતા તેમને નીમેશને બિઝનેસમાં નુકસાન થયું છે તે જાણતા હતા પણ તેના અને નીતેશના ઝઘડાની ખબર પડી.તેઓ ઓફિસમાં ગયા.ઓફિસનું વાતાવરણ ભારેખમ હતું.કોઈ કોઈ સાથે બોલતું ન હતું, બે કે ત્રણ જણ ઓછા દેખાતા હતા.પપ્પા કેબિનમાં ગયા, પહેલા નિમેશ અને નીતેશ એક જ કેબીનમાં એક મોટા ટેબલમાં બાજુ બાજુમાં બેસતા તે કેબિન ખાલી હતી. નિમેશ કોન્ફરન્સ રૂમમાં બેઠો હતો અને નીતેશ બહાર ટેરેસમાં બનેલા કાફેટેરિયામાં .... નીમેશના પપ્પાએ બંનેને થયેલા નુકસાનની ફાઈલ લઇ કેબીનમાં આવવા કહ્યું....ફાઈલ જોઈ તેમણે કહ્યું, 'ઓહ ઘણું નુકસાન થયું છે.' કેટલું નુકસાન થયું છે તે વ્હાઈટ બોર્ડ પર લખો. નિમેશે ચુપચાપ લાખોમાં પહોંચતો નુકસાનનો આંકડો લખ્યો...તેના પપ્પાએ કહ્યું, 'બરાબર જોઈ લીધું આટલું જ નુકસાન છે ??' બંને જણ એક મેકની સામે જોવા લાગ્યા. નીતેશે ધીમેથી કહ્યું, 'અંકલ બરાબર ગણ્યું છે આનાથી કદાચ એક બે લાખ ઓછા થશે વધારે નહિ.' નીમેશના પપ્પા બોલ્યા, 'ના ના ચોક્કસ તમારી ભૂલ છે આનાથી વધારે નુકસાન છે ...' તેના પપ્પા ઉભા થયા અને વ્હાઈટ બોર્ડ પર જ્યાં નુકસાનનો આંકડો લખ્યો હતો તેની બાજુમાં એક ઊભી લાઈન દોરી કઈંક લખવા લાગ્યા. તેમણે લખ્યું ખરું નુકસાન ...... દોસ્તી ,એકમેક પરનો વિશ્વાસ, વિશ્વાસુ માણસોનો સાથ, બ્રાંડ વેલ્યુ, સમય, મગજની વિચાર શક્તિ....નવા વિચાર, નવું કામ.... અને પછી બોલ્યા, 'મારા બે નવા નવા સફળ બનેલા અને પહેલા નુકસાનથી હારી ગયેલા બિઝનેસમેન્સ આ બોર્ડ જુઓ...અને જુઓ કેટલું મોટું નુકસાન તમને થઈ રહ્યું છે.એક બિઝનેસ ડીલના નુકસાનની સાથે તમે ઝઘડા કર્યા એટલે આ બધું ગુમાવી રહ્યા છો જુઓ ....બંને જણની નજર બોર્ડ પર જ થીજી ગઈ પપ્પા બોલ્યા, 'યંગમેન, જુઓ સાથે મળીને લડવાના મુશ્કેલીના દિવસોમાં તમે ઝઘડા કરી કેટલું મોટું નુકસાન કરી રહ્યા છો તે સમજો... પૈસાનું નુકસાન તો ભરપાઈ થઈ શકશે પણ આ ખરું નુકસાન ક્યારેય ભરપાઈ નહિ થઈ શકે તે સમજી લેજો.' બન્નેની આંખો ખુલી ગઈ.

# ટી.એમ.સી. સાગમટે ભાજપમાં જશે?

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

### લાગે છે કે, બંગાળનું રાજકારણ મહારાષ્ટ્ર જેવા ઘાટ તરફ જઈ રહ્યું હોય તેમ લાગે છે, જ્યાં પક્ષના બે ભાગ થઈ ગયા છે

પશ્ચિમ બંગાળમાં ભાજપનો ભવ્ય વિજય થયો અને એ પછી જે થવાના અણસાર હતા એ વાત સાચી પડી રહી છે. મમતા બેનરજીનાં પક્ષ ટીએમસીમાં ભંગાણ પડ્યું છે. ઊભા બે ફાડિયાં થયાં છે. ૬૦ ધારાસભ્યો અલગ થયાં છે અને એમણે વિપક્ષનું બિરુદ મેળવી લીધું છે. આગળ ઘણું બધું બનવાની શક્યતા છે.

કદાચ મહારાષ્ટ્રમાં જે બન્યું,કદાચ બિહારમાં જે બન્યું, કદાચ આસામમાં જે બન્યું હતું, કદાચ ગોવામાં જે બનેલું એ બિહારમાં બની શકે છે. વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસમાં સર્જાયેલો આ આંતરિક બળવો હવે સત્તાવાર ભંગાણમાં ફેરવાઈ ગયો છે.

અત્યારની સ્થિતિ જોતાં બાગી ધારાસભ્યો સીધા ભાજપમાં જોડાય તેવા સંકેત નથી. બળવાખોર ધારાસભ્યોએ ભાજપમાં ભળવાને બદલે પોતાને જ "અસલી તૃણમૂલ કોંગ્રેસ" તરીકે ઓળખાવ્યા છે. કાયદાકીય પકડમાંથી બચવા માટે તેમણે અલગ જૂથ જાળવી રાખવું જરૂરી છે. સંસદીય નિયમો મુજબ, આ જૂથે પક્ષના કુલ ધારાસભ્યોમાંથી ૨/૩ (બે-તૃતીયાંશ) બહુમતી હોવાનો દાવો કર્યો છે.

પશ્ચિમ બંગાળમાં ભાજપ (જેણે સુવેન્દુ અધિકારીના નેતૃત્વમાં સરકાર બનાવી છે) અત્યારે તટસ્થ વલણ રાખી રહ્યું છે. ભાજપનાં નેતા પ્રિયંકા ટિબ્રેવાલે સ્પષ્ટ કર્યું છે કે ટીએમસીના બાગી નેતાઓ સામે ચાલી રહેલા ભ્રષ્ટાચારના કેસોમાં તેમને કોઈ મુક્તિ કે પ્રોટેક્શન આપવામાં નહીં આવે. તેથી બાગીઓ પણ અત્યારે પોતાની ઓળખ અલગ રાખીને જ આગળ વધી રહ્યા છે.

આ ભંગાણ બાદ પશ્ચિમ બંગાળની વિધાનસભામાં સ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. પક્ષમાંથી હાંકી કઢાયેલા નેતા રિતબ્રત બેનરજીએ લગભગ ૬૦ જેટલાં ધારાસભ્યોનાં સમર્થન સાથે સ્પીકર સમક્ષ અલગ જૂથની માન્યતા માંગી હતી. સ્પીકરે આ બળવાખોર જૂથને અલગ લેજિસ્લેટિવ પાર્ટી તરીકે માન્યતા આપી દીધી છે અને રિતબ્રત બેનરજીને પશ્ચિમ બંગાળ વિધાનસભાના સત્તાવાર વિરોધ પક્ષના નેતા જાહેર કરી દેવાયા છે.

બળવાખોર જૂથના નેતાઓ (જેમ કે રીજુ દત્ત) દાવો કરી રહ્યા છે કે તેમની પાસે ૨/૩ બહુમતી હોવાથી અસલી ટીએમસી તેઓ જ છે અને પક્ષનું ચિહ્ન પણ તેમને મળવું જોઈએ. બીજી તરફ, મમતા બેનરજી અને શોભનદેવ ચટ્ટોપાધ્યાય જેવા વરિષ્ઠ નેતાઓનો દાવો છે કે મોટા ભાગનાં વફાદાર ધારાસભ્યો હજુ પણ મમતા બેનરજી સાથે જ છે. આ વિવાદ હવે આગામી દિવસોમાં કોર્ટ અથવા ચૂંટણી પંચ સુધી પહોંચે તેવી પૂરી શક્યતા છે.

બાગીઓનો મુખ્ય આક્રોશ પક્ષના જનરલ સેક્રેટરી અભિષેક બેનરજી અને ચૂંટણી વ્યૂહરચનાકાર સંસ્થા આઈ-પેક સામે છે. ટિકિટ વિતરણમાં ગેરરીતિ અને પક્ષના કોર્પોરેટાઈઝેશનના આક્ષેપોને કારણે આ ભંગાણ વકર્યું છે.

લાગે છે કે, બંગાળનું રાજકારણ મહારાષ્ટ્ર જેવા ઘાટ તરફ જઈ રહ્યું હોય તેમ લાગે છે, જ્યાં પક્ષના બે ભાગ થઈ ગયા છે. બાગીઓ ભાજપમાં જોડાવાને બદલે મમતા બેનરજીના પક્ષ પર જ પોતાનો હક જમાવવાની કાનૂની અને રાજકીય લડાઈ લડશે. મુસ્લિમ ધારાસભ્યો અને નેતાઓ પણ બાગીઓ સાથે જોડાઈ રહ્યાં છે. અલબત્ત મમતા બેનરજી ઘાયલ થયાં છે પણ હિંમત હાર્યાં નથી. એ શું લડી શકશે? પક્ષને ફરી બેઠો કરી શકશે? અત્યારે તો શક્યતા ઓછી છે.

દક્ષિણમાં કોંગ્રેસનું વલણ

દક્ષિણ ભારતનાં આ ત્રણેય રાજ્યો (કર્ણાટક, કેરળ અને તામિલનાડુ) માં તાજેતરમાં કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા લેવાયેલા નિર્ણયો ખૂબ જ વ્યૂહાત્મક છે. ઉત્તર ભારતમાં નબળી પડી રહેલી પકડ વચ્ચે કોંગ્રેસ હવે દક્ષિણ ભારતને પોતાના મજબૂત ગઢ તરીકે સ્થાપિત કરવા માંગે છે.

આ નિર્ણયો માત્ર સત્તા સાચવવા માટે નથી, પરંતુ આગામી સમયની મોટી ચૂંટણીઓ, પ્રાદેશિક સમીકરણો અને આંતરિક જૂથબંધી ડામવા માટેના છે. ત્રણેય રાજ્યોના નિર્ણયો પાછળનો ચોક્કસ રાજકીય સંકેત આ પ્રમાણે છે: કર્ણાટકમાં કોંગ્રેસે લાંબા સમયથી ચાલી આવતી જૂથબંધીનો અંત લાવીને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પાસેથી સત્તાની કમાન ડી.કે. શિવકુમારને સોંપી દીધી છે. આ નિર્ણય દર્શાવે છે કે હાઈકમાન્ડ હવે નિર્ણાયક બન્યું છે. અગાઉ રાજસ્થાન કે પંજાબમાં સમયસર નિર્ણય ન લેવાને કારણે કોંગ્રેસે જે નુકસાન વેઠ્યું હતું, તે અહીં થવા દીધું નથી.૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વક્કાલિગા સમુદાયના કદાવર નેતા ડી.કે. શિવકુમાર પર દાવ ખેલાયો છે, જેથી જૂની મૈસૂર સરહદે જેડીએસ અને ભાજપના ગઠબંધનને તોડી શકાય.

અલબત્ત, રાહુલ અને ખડગેની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં કેટલાંક સમાધાન શિવકુમારે કરવાં પડ્યાં છે.સિદ્ધાના અને ખડગેના પુત્રોને મંત્રીમંડળમાં સમાવ્યા છે.

કેરળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ - કોંગ્રેસ ગઠબંધન) એ ડાબેરી પક્ષોને હરાવીને પ્રચંડ બહુમતી મેળવી છે.

અહીં મુખ્યમંત્રીઓની પસંદગીમાં કોંગ્રેસે સમય લીધો અને લાગતું હતું કે, ફરી કોંગ્રેસ ખોટો નિર્ણય લેશે પણ સંતોષનને બાગડોર સોંપી. વેણુગોપાલની દાવેદારી ના સ્વીકારી. આ ઉચિત નિર્ણય છે. કારણ કે, સંતોષન ધરાતલના નેતા છે અને કાર્યકર્તા પણ એમને જ મુખ્યમંત્રી ઈચ્છતા હતા. તામિલનાડુમાં કોંગ્રેસે પાયાનો મોટો ફેરફાર કર્યો છે. વર્ષો જૂના સાથી પક્ષ ડીએમકેનો સાથ છોડીને કોંગ્રેસે અભિનેતા વિજયના નવા પક્ષ ટીવીકે સાથે હાથ મિલાવ્યા છે. આ નિર્ણય સૌથી વધુ હિંમતભર્યો અને ચોંકાવનારો છે. કોંગ્રેસ હવે પ્રાદેશિક પક્ષોના 'જુનિયર પાર્ટનર' બનીને રહેવા માંગતી નથી. તે તામિલનાડુમાં પોતાની ગુમાવેલી જમીન પાછી મેળવવા માંગે છે.

વિજયની ટી.વી.કે. સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યા બાદ, કોંગ્રેસના સમર્થનથી ત્યાં નવી સરકાર બનવા જઈ રહી છે. આ ગઠબંધનના બદલામાં વિજયે કોંગ્રેસને તામિલનાડુમાંથી રાજ્યસભાની બેઠક પણ ફાળવી દીધી છે. આનાથી રાજ્યમાં કોંગ્રેસનું કદ અને સ્વીકાર્યતા બંને વધશે.

દક્ષિણ ભારતના આ નિર્ણયો સ્પષ્ટ કરે છે કે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનું નેતૃત્વ હવે "રિસ્ક ટેકિંગ" (જોખમ લેવાની વૃત્તિ) અને "રીઝનલ પાવર પ્લે" પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. જ્યાં જરૂર છે ત્યાં સખત નિર્ણયો લેવાઈ રહ્યા છે અને જ્યાં નવા વિકલ્પો દેખાય છે (જેમ કે તામિલનાડુમાં વિજયનો પક્ષ), ત્યાં જૂની દોસ્તી છોડીને નવું જોખમ લેતાં પણ કોંગ્રેસ ખંચકાતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## લોકશાહી માટે ચિંતાજનક સંકેત

રિપોર્ટર્સ વિથઆઉટ બોર્ડર્સ (RSF) દ્વારા જાહેર કરાયેલા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક 2026 મુજબ ભારત 180 દેશોમાંથી 157મા ક્રમે પહોંચ્યું છે. આ સ્થિતિ માત્ર એક આંકડો નથી, પરંતુ આપણા લોકતંત્રની ગુણવત્તા, પારદર્શિતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. લોકશાહીમાં સ્વતંત્ર અને નિર્ભય પત્રકારિતા અત્યંત આવશ્યક છે. મીડિયા માત્ર સમાચાર પહોંચાડવાનું માધ્યમ નથી, પરંતુ સત્તાને જવાબદાર બનાવવાનું, જનહિતના પ્રશ્નોને ઉજાગર કરવાનું અને નાગરિકોને સાચી માહિતી આપવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. આપણે સૌ નાગરિકો તરીકે: * લોકશાહી સંસ્થાઓને મજબૂત બનાવવામાં પોતાનો ફાળો આપવો જોઈએ. ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે. તેથી પ્રેસની સ્વતંત્રતા, નાગરિક અધિકારો અને પારદર્શિતાને વધુ મજબૂત બનાવવાની દિશામાં સરકાર, મીડિયા અને સમાજે મળીને હકારાત્મક પ્રયાસો કરવાની જરૂર છે. "લોકશાહી ત્યારે જ મજબૂત બને છે જ્યારે સત્ય બોલવાની, સત્ય લખવાની અને સત્તાને પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા જીવંત રહે."

સુરત - આશિષ ટેલર

## તંત્રની ભૂલ કે જાતિ પ્રમાણપત્ર ધારણ કરનારની ભૂલ?

તાપી જિલ્લાની ગુણસુંદા જિલ્લા પંચાયતની બેઠક અતિ ચર્ચામાં આવી છે.(ST સર્ટી ) જાતિ પ્રમાણપત્ર સાથે સિસ્ટમની કામગીરી પર સવાલ ઊભા થયા છે.બે વાર ચૂંટણી લડનાર મહિલા રેહાનાબહેન ગામિત અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્ર વિવાદમાં આવ્યું છે. એકમાં પત્ની તો બીજામાં પુત્રી પુરુષનું નામ એક જ છે.ત્યાંથી ન અટકતાં શાળા પ્રમાણપત્રમાં પિતાનું નામ અલગ તુરાપભાઈ ગામિત છે. સરળ રીતે તંત્રે આ બાબતમાં આંખ આડા કાન કર્યા અથવા સિસ્ટમની કામગીરી પોકળ છે તે વાતની સાબિતી આપે છે.એક સર્ટીમાં પત્ની અને બીજામાં પુત્રી અને ત્રીજામાં પિતાનું નામ અલગ આટલી મોટી વિસંગતતા ચૂંટણી અધિકારીને ન દેખાઈ તો વાચન લેખન કરવાની તાલીમ સરકારે દરેક વિભાગમાં ગોઠવીને નવો અધ્યાય શરૂ કરવો જોઈએ. સરકારે ગુજરાતના રાજકારણમાં અધિકારીઓના સ્પષ્ટ મન સાથે સ્વસ્થ વિચાર માટે આગળ વાત ધરવી જોઈએ. આ ભૂલ વિચારની દૃષ્ટિએ પ્રથમ નજર સરકારી તંત્ર પર આંગળી ચીંધે છે.ભૂલ અને ભલામણ ત્યારે જ શક્ય બને નાગરિકની ગરિમા અને કાર્ય જળવાય. અહીં પતિને ફરી પિતા બતાવી દીધો. બીજી વાત તેમના સ્કૂલ લિવિંગ સર્ટિ.માં બાપનું નામ જ અલગ. આ વિચિત્રતા અને કામગીરીમાં લાલિયાવાડી દર્શાવે છે.આવી ભૂલોથી કેટલાયે નેતાઓ ચૂંટાઈને નાગરિકો પર રોફ જમાવતા હશે.તંત્ર એ તમામ ચૂંટાયેલા સભ્યોનાં પ્રમાણપત્રો વિશ્લેષણ સમિતિમાં મૂકવાં જોઈએ અને સઘન તપાસ હાથ ધરવી જોઈએ. જેનાથી બનાવટી પ્રમાણપત્રનો ખ્યાલ આવી શકે છે.

તાપી - હરીશકુમાર ચૌધરી

## શહેરમાં પે એન્ડ પાર્ક માટે તૈયાર રહો

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી ના તાજેતર ના સર્વે ના પરિણામે, ત્યાં શહેરમાં રસ્તા ઉપર પાર્ક થયેલ વાહન ધારકો પાસેથી પાર્કિંગ ચાર્જ વસુલવાનુ શરૂ થઈ ગયું છે. સમાચાર મુજબ આ પ્રયોગ સુરત, વડોદરા અને રાજકોટમાં ટુંક સમય માં શરૂ થશે. શહેરીજનો પોતાના કામ અર્થે દરરોજ ઘરેથી નીકળી રોડ ની બાજુમાં ટ્રાફિક ને અડચણ ન થાય એવી રીતે પોતાનું વાહન ટુંક સમય માટે પાર્ક કરે એ કોઈ ગુનો નહીં ગુણાવવો જોઈએ. શહેરમાં ફરતાં દરેક વાહન ના રજીસ્ટ્રેશન સમયે SMC નો રોડ ટેક્ષ તો એડવાન્સ માં જ લઈ લેવામાં આવે છે. તો શું આ પૈસા ફક્ત ખખડધજ રસ્તા ના નામે,તો શું એમની જવાબદારી નથી કે શક્ય એટલાં સ્થળે પાર્કિંગ ની જગ્યા ફાળવે. સ્માર્ટ સીટીના નામે ઘણી જગ્યાએ રસ્તા નાના કરી ફુટપાથ રોડ લેવલ થી ખાસ્સી ઉંચી કરી.જે ફકત લારી ગલ્લા વાળા ની અનુકૂળતા માટે જ છે.આવા તો અનેક દાખલા સૌની જાણ માં છે.લાગતાવળગતા ખાતા ના સાહેબો અહીં થી અસંખ્ય વાર આંખો બંધ કરીને પસાર થતા હશે. એક સર્વે ફુટપાથ ની ઉપયોગીતા માટે તાકીદે થવો જોઈએ.હાલ બની રહેલ ફુટપાથો, લોકો ના વેરા ના પૈસા નો વેડફાટ સિવાય શું છે? આવા અનેક મુદ્દાઓ ઓ ને ધ્યાન માં લઈ નિષ્ઠા થી કામ કરશો તો આ પે પાર્ક ને ઠેલી શકાય. આ જાગૃત અખબાર થકી જનતા નો અવાજ તમારા સુધી પહોંચાડવાનો પ્રયાસ છે,એ માટે ગુજરાતમિત્ર નો આભારી છું.

સુરત - ભુપેન્દ્ર રાયજી

## 'કોકરોચ જનતા પાર્ટી'નું ભૌતિક રાજકારણ

કોઈપણ લોકશાહી દેશના તંત્ર માં સુધારાઓ માત્ર સોશ્યલ મીડિયા પર સૂત્રો, મીમ્સ કે ટીકાત્મક ટિપ્પણીઓ કરવાથી થઈ શકતા નથી તેમ કરવાથી માત્ર હતાશા જ પ્રકટ થઈ શકે. જ્યારે કોઈ શાસક પક્ષ વિરોધપક્ષ મુક્ત શાસન ની ઝંખના ધરાવતો થઈ જાય વળી નામદાર સુપ્રીમ કોર્ટ ના મુખ્ય ન્યાયાધીશ થકી બેરોજગાર, આળસુ નાગરિકો વિશે 'કોકરોચ' શબ્દપ્રયોગ ઉપયોગ થાય ત્યારે 'કોકરોચ જનતા પાર્ટી' નામક જેવા સંગઠનનો ઉદભવ થાય છે જે દેશમાં સુશાસન માટે અવાજ ઉઠાવવા સક્રિય બને છે પરંતુ આ પ્રકારની ચળવળ હંગામી હોય છે તેથી તંત્રને નમાવવા માટે તેની શક્તિને યોગ્ય રીતે રાહ ચીંધવી આવશ્યક છે. આ પ્રકારની ચળવળના પ્રતિનિધિઓ એ સૌપ્રથમ પોતાને આ ચળવળ માટે જવાબદાર ગણવા તૈયારી દર્શાવવી જરૂરી બને છે. આવા સંગઠને હાલના તબક્કે મળેલી તક ને ઝડપી લઈ દરેક રાજકીય પક્ષના પસંદગીના રાજકારણીઓને સાથે રાખી નાગરિક ના હિતમાં ચળવળને ગતિમાન કરવાની જરુર છે.

સુરત - પ્રફુલ એમ ઝવેરી

## અધિક માસ

લીપ વર્ષની માહિતી જાણ્યા પછી હિંદુ વર્ષને પણ સમજવાનો પ્રયત્ન કરીએ.ચંદ્રની પ્રદક્ષિણા ઉપરથી હિંદુ વર્ષ ગણવામાં આવે છે. ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર પૃથ્વીની ફરતે એક ચકરાવો પૂરો કરે તે સમયને આપણે એક માસ ગણીએ છીએ. ચંદ્રને પૃથ્વીની ફરતે એક ચકરાવો પૂરો કરતાં ૨૯ ૧/૨ દિવસ લાગે છે. જેને આપણે એક મહિનો કહીએ છીએ. આવા ૧૨ માસના સમયને હિંદુ વર્ષ તરીકે ગણીએ છીએ. હવે ૧૨ માસના દિવસોની ગણતરી કરીએ. એક માસના ૨૯ ૧/૨ દિવસો જેથી ૧૨ માસના 2૯ ૧/૨ x ૧૨ દિવસો થાય. એક હિંદુ વર્ષ = ૨૯ ૧/૨ x ૧૨ દિવસો = (૩૦ - ૧/૨) x ૧૨ દિવસો = ૩૬૦ - ૬ દિવસો = ૩૫૪ દિવસો આમ હિંદુ વર્ષ પ્રમાણે એક વર્ષના ૩૫૪ દિવસો થયા. અંગ્રેજી વર્ષ પ્રમાણે એક વર્ષના ૩૬૫ ૧/૪ દિવસો ગણવામાં આવે છે. જેથી અંગ્રેજી વર્ષ કરતાં હિંદુ વર્ષ ૩૬૫ ૧/૪- ૩૫૪ = ૧૧ ૧/૪ દિવસો વહેલું પૂરું થાય છે. આમ એક વર્ષમાં ૧૧ ૧/૪ દિવસો અંગ્રેજી વર્ષના દિવસો કરતાં હિંદુ વર્ષના દિવસો ઓછા ગણ્યા. લગભગ ૨.... (પોણા ત્રણ) વર્ષે ૧ મહિનો હિંદુ વર્ષમાં ઓછો ગણ્યો કહેવાય. અંગ્રેજી વર્ષ સાથે હિંદુ વર્ષને એડજસ્ટ કરવા લગભગ ૨ (પોણા ત્રણ) વર્ષે એક મહિનો જે હિંદુ વર્ષમાં ઓછો ગણ્યો તે એક મહિનો લગભગ ૨ (પોણા ત્રણ) વર્ષે અધિક માસ તરીકે તે વર્ષે હિંદુ વર્ષમાં ઉમેરવામાં આવે છે.

સુરત - ભગુભાઈ પટેલ

## વ્યસનનાં બંધાણી ન બનો

અખબારી આલમ દ્વારા બહેનો વ્યસની બનતી જાય છે એ વાંચી દુઃખદ આશ્ચર્ય અવશ્ય થાય. વર્તમાન સમયમાં સ્ત્રીઓ પુરુષ સમોવડી એ કેટલે અંશે યોગ્ય કહેવાય. ડ્રગ્સ, તમાકુ, નશાકારક અન્ય પદાર્થનું સેવન સ્વાસ્થ્ય માટે પ્રત્યેક વ્યક્તિ માટે નુકસાનકર્તા છે અને ડ્રગ્સનો બંધાણી વ્યક્તિ ડ્રગ્સ મેળવવા માટે નીચલી કક્ષાએ ઉતરી જઇ એ મેળવીને જ જંપે છે. દેશમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ વારંવાર પકડાય છે તો લેનારાં હશે તો જ એનો વેપાર હશે ને? બહેનો જુગાર રમતાં પણ પકડાય છે. તો શું એક સ્ત્રી થઈને આ કૃત્ય શોભે છે? ડ્રગ્સની બંધાણી યુવતી ડ્રગ્સ પ્રાપ્તિ માટે ચરિત્રને પણ હોડમાં મૂકતાં અચકાતી નથી એ પણ દુઃખદ ઘટના જ કહેવાય. વ્યસનના ગુલામ બનવું કોઈ પણ માનવી માટે અયોગ્ય બાબત જ કહેવાય. પછી એ સ્ત્રી હોય કે પુરુષ વ્યસન આર્થિક રીતે અને શારીરિક રીતે નુકસાનકર્તા જ નિવડે.

સુરત - નેહા શાહ